©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. LXVI] FRIDAY, 07th NOVEMBER, 2025/KARTIKA 16, 1947 [No. 7339

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation

PART-II EXTRAORDINARY

અધિસુચના

નમુનો - ઝ

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૫૦(૧) અને ૫૨

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૯ ના નિયમ-૨૬(૧) અને ૨૬(૩)

ભાવનગર મહાનગરપાલિકાની મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૨૭ (સીદસર)

નં. નરયો/ભાવ/નં.૨૭(સીદસર)/ફરજો/પ્રસિધ્ધી/૧૮૯૦.-હું નીચે સહી કરનાર નગર રચના અધિકારી(I/C) અને પ્રવર નગર નિયોજક, ભાવનગર નગર રચના યોજના, ભાવનગર સદરહું યોજના વિસ્તારના તમામ જમીનમાલિકો અને હિત સંબંધ ધરાવતી તમામ વ્યકિતઓને જણાવું છું કે, ગુજરાત સરકારશ્રીના તા. ૦૬-૦૮-૨૦૨૫ ના અસાધારણ રાજયપત્ર ભાગ-૪ બી ના પાના નં.૪૦૯-૧ ઉપર પ્રસિધ્ધ કરેલ શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, ગાંધીનગરની તા. ૦૪-૦૮-૨૦૨૫ ની અધિસૂચના ક્રમાંક : જીએચ/વી/૨૦૨૫ નો ૨૮૮/UDUHD/TPS/e-file/18/2024/9276/L થી મારી હોદ્દાની રૂએ નગર રચના અધિકારી તરીકે ભાવનગર મહાનગરપાલિકાની મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૨૭ (સીદસર) ને આખરી કરવા અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૫૦ ની પેટા કલમ-૧ હેઠળ નિમણુંક કરી છે. ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૯ ના નિયમ-૨૬ ના પેટા નિયમ-૧ ની જોગવાઇ મુજબ જરૂરી છે એ પ્રમાણે હું આથી નોટીસ આપું છું કે, મેં તા. ૦૧-૧૧-૨૦૨૫ ને શનિવાર ના રોજ નગર રચના અધિકારી તરીકેની મારી ફરજો સંભાળી લીધેલ છે.

સદરહું મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૨૭ (સીદસર) ના વિસ્તારમાં સીદસર ગામના રેવન્યુ સર્વે નં.૧૬૬, ૧૬૭, ૧૬૮, ૧૬૯, ૧૭૦, ૧૭૧, ૧૭૨, ૧૭૩, ૧૭૪, ૧૭૬, ૧૭૭, ૧૭૮, ૧૭૯, ૧૮૦, ૧૮૧, ૧૮૨, ૧૮૩, ૧૮૪, ૧૮૫, ૧૮૬, ૧૮૭, ૧૮૮, ૧૮૯, ૧૯૦, ૧૯૧, ૧૯૨, ૧૯૩, ૧૯૪, ૧૯૫, ૧૯૬, ૧૯૭, ૧૯૮, ૧૯૯, ૨૦૦, ૨૦૧, ૨૦૨, ૨૦૩, ૨૦૪, ૨૦૭, ૨૦૮, ૨૦૯, ૨૧૦, ૨૧૧, ૨૧૨, ૨૧૩, ૨૧૪, ૨૧૫, ૨૧૯ અને ૨૧૭ની જમીનનો સમાવેશ થાય છે. મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૨૭ (સીદસર) નો હદ વિસ્તાર (ચતુ:સીમા) નીચે પ્રમાણે છે.

ઉત્તરે : નગર રચના યોજના નં.૨૪(ચિત્રા) તથા નગર રચના યોજના નં.૨૫(ફુલસર) ની હદ આવેલ છે.

દક્ષિણે : મોજે-શામપરાની હદ આવેલ છે.

પૂર્વે : બોરતળાવ અને સીદસર ગામતળ આવેલ છે.

પશ્ચિમે : નગર રચના યોજના નં.૨૫(ફુલસર) ની હદ આવેલ છે.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો-૧૯૭૯ ના નિયમ-૨૬ ના પેટા નિયમ-૩ ની જોગવાઈ મુજબ જરૂરી છે, એ પ્રમાણે સદરહું મુસદારૂપ નગર રચના યોજના નં.૨૭ (સીદસર) માં સમાવિષ્ટ બાબતો પૈકી કોઈ પણ બાબતમાં હિત ધરાવતી અથવા તેનાથી અસર પામતી તમામ વ્યકિતઓને આથી હું જણાવુ છું કે, તેમણે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૫૨ માં જણાવેલ બાબતોના સંબંધમાં ગુજરાત સરકારશ્રીના રાજયપત્રમાં આ અધિસુચના પ્રસિધ્ધ થયા તારીખથી ૨૦ દિવસની અંદર, તેમના લેખિત વાંધા અને રજુઆતો જરૂરી અધિકૃત માલિકી આધાર-પુરાવા અને દસ્તાવેજો સહિત મારી સમક્ષ રજુ કરવા, તેમજ ઉક્ત મુસદ્દારૂપ નગર રચના યોજનાને કારણે કોઈ વ્યક્તિઓને નુકશાનકારક અસર પહોચી હોય તો તે સદર અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૮૨ અનુસાર નુકસાની મેળવવાને હકકદાર છે અને આવી વ્યક્તિઓએ આ અધિસુચના ગુજરાત સરકારશ્રીના રાજયપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી ૩ મહિનાની અંદર તેમના હક્ક-દાવા જરૂરી દસ્તાવેજો પ્રમાણિત પુરાવા સહિત મારી સમક્ષ રજુ કરવા.

સરકારશ્રી દ્વારા તા. ૦૪-૦૮-૨૦૨૫ ના રોજ મંજુર કરવામાં આવેલ મુસદારૂપ નગર રચના યોજના નં.૨૭ (સીદસર) ની એક નકલ જરૂરી તમામ દસ્તાવેજો, પત્રકો, નકશા, ફોર્મ સહિત જાહેર રજાના દિવસો સિવાયના તમામ દિવસોએ કચેરી સમય દરમ્યાન નગર રચના અધિકારીની નીચેના સરનામે આવેલ કચેરીમાં ખુલ્લી રાખવામાં આવેલ છે અને આ જમીનોમાં હિત ધરાવતી તથા નગર રચના યોજનાની દરખાસ્તોથી અસર પામનાર પ્રત્યેક વ્યકિતને આ યોજનાનું નિરિક્ષણ કરવાની વિનંતી કરવામાં આવે છે. કચેરીમાં યોજનાની દરખાસ્તો સમજુતી આપવાની વ્યવસ્થા કરવામાં આવેલ છે.

સ્થળ : ભાવનગર

તારીખ : ૦૧-૧૧-૨૦૨૫

એસ. એન. પારગી
નગર રચના અધિકારી (I/C)
અને પ્રવર નગર નિયોજક
ભાવનગર નગર રચના યોજના
ભાવનગર

કચેરીનું સરનામું :

નગર રચના અધિકારીશ્રીની કચેરી, ભાવનગર નગર રચના યોજના,
પ્રથમ માળ, પૂર્વ ઝોનલ ઓફિસ, ભાવનગર મહાનગરપાલિકા, રીંગ રોડ,
તરસમિયા, ભાવનગર-૩૬૪૦૦૨.

Signature Not Verified
Signed by : PATEL JAYESHKUMAR RAGHUNATHBHAI
Manager
Government Press & Stationery, Rajkot
Date : 2025.11.08 15:08:59 IST